# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યનાં નુકસાનગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રીની સૂચના.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, એક રાષ્ટ્ર, એક ચૂંટણી સમગ્ર દેશના હિતમાં છે.**
3. **ICAI દ્વારા લેવામાં આવેલી CA ફાઇનલની પરીક્ષામાં દેશનાં ટોચનાં 30માં અમદાવાદના બે વિદ્યાર્થીઓ.**
4. **સુરતના જ્વેલરી શો-રૂમમાં લૂંટ, ગોળીબારમાં દુકાનનાં માલિકનું મૃત્યુઃ એકને ઇજા.**
5. **રાજ્યમાં મેઘમહેરઃ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો સરેરાશ 50 ટકા વરસાદ.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM REVIEW MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં માર્ગ-પુલ-ધોરીમાર્ગોની સ્થિતિની સમીક્ષા કરી. આ બેઠકમાં શ્રી પટેલે વરસાદ ન હોય અથવા તો ઓછો વરસાદ હોય તેવા દિવસે પણ કામગીરી ચાલુ રહે તે માટે તાકીદ કરી હતી.

બેઠક દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ ધોરીમાર્ગની સ્થિતિ અંગે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ-**NHAI**ના અધિકારીઓએ કહ્યું કે , આ વર્ષે ચોમાસા દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગને જે **83** કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી **58** કિલોમીટરમાં સમારકામ પૂર્ણ થયું છે અને બાકીના **25** કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

---

# CM ONE NATION ONE ELECTION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, "એક રાષ્ટ્ર, એક ચૂંટણી એ સમગ્ર દેશના હિતમાં છે અને તે દીવા જેવું સત્ય છે. આ વિષય અંગે જાહેર ચર્ચા થવી અત્યંત જરૂરી છે."

ગઈકાલે અમદાવાદમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં મુખ્યમંત્રીએ એક રાષ્ટ્ર, એક ચૂંટણીના મહત્વ અને તેની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, ચૂંટણી દરમિયાન થતા મોટા ખર્ચ અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અધિકારીઓને ફરજ પર મોકલવામાં થતા ખર્ચ ઘટાડવા માટે પણ એક રાષ્ટ્ર, એક ચૂંટણી જરૂરી છે.

દરમિયાન, ગઈ કાલે ડાંગ જિલ્લાના આહવા ખાતે "એક રાષ્ટ્ર એક ચૂંટણી" સંદર્ભે પ્રબુધ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું.

---

# CA RESULT

ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા --- **ICAI** દ્વારા લેવામાં આવેલી **CA**ની ફાઉન્ડેશન , ઇન્ટરમિડિએટ અને ફાઇનલની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે.

પ્રથમ વખત ત્રણેય પરીક્ષાના પરિણામ એક સાથે જાહેર થયા છે. **CA** ફાઇનલમાં દેશભરનાં ટોચનાં 30 વિદ્યાર્થીમાં અમદાવાદના બે વિધાર્થીઓનો સમાવેશ થાય છે. પ્રિયલ જૈને **18**મો જ્યારે પાર્થ શાહે **28**મો ક્રમ મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે , અમદાવાદ ચેપ્ટરનું પરિણામ ગત વર્ષ કરતા ઘટ્યું છે. અમદાવાદ ચેપ્ટરમાં ફાઉન્ડેશનનું 13 , ટકા, ઇન્ટરમિડિયેટનું **10.62** ટકા, અને ફાઇનલમાં **19.35** ટકા પરિણામ આવ્યું છે.

ફાઇનલની પરીક્ષામાં ભાવનગર કેન્દ્રમાં માનસી દિલીપભાઈ પારેખે પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

---

# RAILONE

રેલવે દ્વારા **RailOne** એપનું લોન્ચિંગ મુસાફરોની બધી આવશ્યક સેવાઓ માટે વન-સ્ટોપ સોલ્યુશન બની રહ્યું છે . મુસાફરોને એકજ ડીજીટલ પ્લેટફોર્મ પર બધી જ સુવિધાઓ મળી રહે તે હેતુસર કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા એક નવી એપ, **RailOne** લોન્ચ કરાઇ હતી. જે તમામ મુસાફરો સેવાઓને એકીકૃત કરે છે.

આ અંગે ભાવનગર રેલ્વે ડિવીજનના ડીઆરએમે વધુ માહિતી આપી.

## (બાઈટ : રવીશ કુમાર- DRM, ભાવનગર ડિવીજન)

---

# MURDUR SURAT

સુરતમાં જ્વેલર્સ શોરૂમમાં લૂંટ અને ગોળીબારની ઘટનામાં માલિકનું મૃત્યુ થયું છે.

અમારા પ્રતિનિધિના જણાવાયા અનુસાર ગઈકાલે રાત્રે 8 :30 વાગ્યાની આસપાસ ચાર હથિયારધારી લૂંટારૂઓ લૂંટના ઈરાદે સુરતના શ્રીનાથ જ્વેલર્સ શોરૂમમાં પ્રવેશ્યા હતા. લૂંટનો પ્રતિકાર કરતા લૂંટારૂઓ દ્વારા શોરૂમના માલિક આશિષ રાજપરા પર બે રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. ગંભીર રીતે ઘાયલ આશિષભાઈને હોસ્પિટલ લઈ જવાયા. ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. જ્યારે એક વ્યક્તિ ઘાયલ થતા હાલ સારવાર હેઠળ છે. આ ઘટના બાદ

ભાગવાનો પ્રયાસ કરી રહેલા આરોપીઓમાંથી એક આરોપી સ્થાનિક લોકો દ્વારા પકડી પડાયો હતો. બાકીના આરોપીઓ લુંટેલી વસ્તુઓ લઈ ભાગી ગયા હતા.

પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

---

## SEASON RAIN GUJARAT

રાજ્યમાં જૂન મહિનાથી શરૂ થયેલી અવિરત મેઘમહેરને કારણે જુલાઇનાં પ્રથમ સપ્તાહમાં જ રાજ્યનાં બે ઝોન દક્ષિણ ગુજરાત અને કચ્છમાં સીઝનનો સરેરાશ વરસાદ 50 ટકાને પાર થયો છે.

સમગ્ર રાજ્યમાં પણ સરેરાશ વરસાદ 46 ટકા થયો છે. જળાશયો અને નદીનાળા છલકાઈ ગયા છે. 206 જળાશયોમાં પાણીનો સંગ્રહ વધીને 54 ટકા થયો છે.

7 જુલાઇની સ્થિતિએ 33 ડેમ હાઇ એલર્ટ અને 19 ડેમ એલર્ટ પર છે , જ્યારે 23 ડેમ 100 ટકા ભરાઈ ગયા છે.

નવસારી જિલ્લાની કાવેરી, પૂર્ણા સહિત ચાર નદી ઓવરફ્લોની સ્થિતિમાં છે.

---

## DEM OVERFLOW - URGENT BY SYSTEM

જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે ભારે વરસાદ તથા ઉપરવાસથી પાણીની ભારે આવકના પગલે રણજીતસાગર ડેમ અને વાગડીયા ડેમ ઓવરફ્લો થયા છે અને અનેક જળાશયો ઓવરફ્લો થવાની તૈયારીમાં છે.

સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા આપવામાં આવેલી વિગતમાં આ બંને ડેમો ઉપરાંત સપડા, ફુલઝર-1 અને રૂપારેલ ડેમ 90 ટકાથી વધુ અને વોડીસંગ ડેમ 80 ટકા અને સસોઈ ડેમ 70 ટકા ભરાયો છે. જ્યારે ઉમિયા સાગર ડેમ પણ ઓવરફ્લો થયો છે, ત્યારે આ તમામ જળાશયોની હેઠવાસ નદીના પટમાં અવરજવર ન કરવા માટે તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે

**બાઈટ : શિલ્પાબેન કણસાગરા ( સિંચાઈ અધિકારી )**

---

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે રાજ્યભરમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે . આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર રાજ્યમાં અત્યાર સુધીમાં સામાન્ય કરતાં 112 ટકા વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે , હાલમાં ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી રાજ્યમાં ચોમાસાનો માહોલ આગામી દિવસોમાં પણ જળવાઈ રહેશે.

**(બાઈટ – ડૉ.એ.કે.દાસ)**

દરમ્યાન ગઈકાલે સાંજનાં છ વાગ્યાથી રાત્રિના બે વાગ્યા સુધીમાં રાજ્યનાં 146 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ ચાર ઇંચ વરસાદ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં પડ્યો છે.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગઈ કાલે સિહોરમાં દોઢ અને ભાવનગર શહેરમાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે.

---

# MEHSANA MARKET YARD

મહેસાણા જિલ્લાના ઊંઝા માર્કેટયાર્ડમાં જીરું અને વરિયાળીની હરાજી થઈ રહી છે. જીરુની 4 હજાર બોરી અને વરિયાળીની 1500 બોરી જ્યારે ઇસબગુલની 2 હજાર બોરીનો વેપાર થઈ રહ્યો છે. જીરુનો ભાવ 3 હજાર 600 થી 3 હજાર 800 રૂપિયાનો અને વરિયાળીનો ભાવ 1 હજારથી 1 હજાર 700 રૂપિયા રહ્યો છે. જ્યારે ઇસબગુલનો 1 હજાર 700 થી 2 હજાર 500 રૂપિયાનો ભાવ રહ્યો હતો.

---

# APPOINTMENT LETTERS

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અન્વયે અમદાવાદ ગ્રામ્ય અને શહેરની શાળાઓના ઉમેદવારોને આજે નિમણૂક પત્રો એનાયત કરાશે.

આ અંતર્ગત સ્વામિનારાયણ સ્કૂલ રાણીપ ખાતે અમદાવાદ ગ્રામ્યના 238 ઉમેદવારોને નિમણૂક પત્રો અપાશે. અમદાવાદ શહેરના ઉમેદવારો માટેનો કાર્યક્રમ સોલા ખાતેની જે જી ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાશે.

---

# RAJKOT CIVIL HEART OPD

રાજકોટની સિવિલ હોસ્પિટલ સ્થિત **PMSSY** બિલ્ડીંગના પહેલા માળે આજથી હ્રદયરોગ સંબંધિત ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ થશે. અમદાવાદની યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટના સહયોગથી હ્રદયરોગના દર્દીઓનું નિદાન કરી આપવામાં આવશે.

ઓ.પી.ડી.નો સમય સોમવારથી શનિવાર સવારે નવ કલાકથી બપોરે એક વાગ્યા સુધી રહેશે. તેમજ બપોરે ચારથી પાંચ કલાક દરમ્યાન ફોલોઅપ ઓપીડી ચાલુ રહેશે.

---

# KHODIYAR RAILWAY CROSSING

અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર સેક્શન વચ્ચે સરગાસણ-ઉવારસદ રોડ રેલ્વે ક્રોસિંગ નં. 15 આજે સવારે આઠ વાગ્યાથી આવતીકાલે સાંજે છ વાગ્યા સુધી ઓવરહોલિંગ અને મશીન ટેમ્પિંગના કામ માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન લોકો યુઝર્સ રેલ્વે ક્રોસિંગ નં. 16 કિમી પરથી મુસાફરી કરી શકશે.